| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધીકારી દ્વારા**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**<br>**અમદાવાદ શહેર (P.R.O.)**<br>**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**<br>**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૨૮/૦૮/૨૦૨૩ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### શાહીબાગ પો.સ્ટે. વિસ્તારમાંથી વિદેશી દારુની બોટલો નંગ-૭૨ કિ.રુ.૨૫,૨૦૦/- મળી કુલ્લે રૂપિયા ૭૫,૨૦૦/- ના મુદામાલ સાથે એક આરોપી ને ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે આજરોજ વહેલી સવારે પી.સી.બી. પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા સ્ટાફના મ.સ.ઈ. મહંમદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, મ.સ.ઈ. જગદેવસિંહ ગુલાબસિંહ બ.ન.૧૩૪૬૭, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦,અ.હે.કો.ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮,આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧, અ.પો.કો.પ્રવીણસિંહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.જયમિન મહેશભાઈ બ.ન.૬૭૩૫ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન મ.સ.ઈ.જગદેવસિહ ગુલાબસિહ તથા અ.પો.કો. જયમિન મહેશભાઈ નાઓને સંયુક્તરીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે શાહીબાગ ઘોડાકેમ્પ રક્ષાશકિત મેદાનની બાજુમાં આવેલ ન્યુ લક્ષ્મીનગર હાઉસિંગ સોસાયટીના બ્લોક નં.એફ ના પાર્કીગમા જાહેરમાં પડેલ ઓટો રિક્ષા નંબર GJ-01-TA-0917 માંથી આરોપી નામે અમરસિંઘ ચિમનસિંઘ રાવત રહે.મ.ન.૪૦૧, ન્યુ લક્ષ્મીનગર, ઘોડાકેમ્પ, શાહીબાગ, અમદાવાદ નાને વિદેશી દારુની બોટલો નંગ-૭૨ કિ.રૂ.૨૫,૨૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૭૫,૨૦૦/- ના મુદામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી શાહીબાગ પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૩૧૨૩૦૮૮૪/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૯૮(૨),૮૧,૮૩ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ:** (૧) અમરસિંઘ ચિમનસિંઘ રાવત રહે.મ.ન.૪૦૧,ન્યુ લક્ષ્મીનગર, ઘોડાકેમ્પ, શાહીબાગ, અમદાવાદ

**વોન્ટેડ આરોપી :** તેજાસિંગ @ તેજો બિરદાસિંઘ રાવત (રાજપુત) રહે.ગામ- સાંગરવાસ, થાના જેવાજા, તા.જી.બ્યાવર રાજસ્થાન

**ગુનાની જગ્યા :** શાહીબાગ ઘોડાકેમ્પ રક્ષાશકિત મેદાનની બાજુમાં આવેલ ન્યુ લક્ષ્મીનગર હાઉસિંગ સોસાયટીના બ્લોક નં.એફ ના પાર્કીગમા જાહેરમાં

**પકડાયેલ મુદામાલ :** (૧) વિદેશી દારુની બોટલો નંગ-૭૨ કિ.રૂ.૨૫,૨૦૦/- (૨) ઓટો રિક્ષા નંબર GJ-01-TA-0917 કિ.રૂ.૫૦,૦૦૦/- મળી કુલ્લે રુપિયા ૭૫,૨૦૦/ ની મત્તાનો મુદામાલ

# માધવપુરા પો.સ્ટે. વિસ્તારમાંથી વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર મળી નંગ-૧૩૬૪ કિ.રૂ.૨,૨૭,૨૪૭/- મળી કુલ્લે રુપિયા ૩,૦૨,૨૪૭/ નો મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે આજરોજ વહેલી સવારે પી.સી.બી. પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા સ્ટાફના મ.સ.ઈ. મહંમદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, મ.સ.ઈ. જગદેવસિંહ ગુલાબસિંહ બ.ન.૧૩૪૬૭, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦,અ.હે.કો.ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮,આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧, અ.પો.કો.પ્રવીણસિંહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.જયમિન મહેશભાઈ બ.ન.૬૭૩૫ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન મ.સ.ઈ.જગદેવસિહ ગુલાબસિહ તથા અ.પો.કો. જયમિન મહેશભાઈ નાઓને સંયુક્તરીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે શાહીબાગ ઘોડાકેમ્પ રક્ષાશકિત મેદાનની બાજુમાં આવેલ ન્યુ લક્ષ્મીનગર હાઉસિંગ સોસાયટીના બ્લોક નં.એફ ના પાર્કીગમા જાહેરમાં પડેલ ઓટો રિક્ષા નંબર GJ-01-TA-0917 માંથી આરોપી નામે અમરસિંઘ ચિમનસિંઘ રાવત રહે.મ.ન.૪૦૧, ન્યુ લક્ષ્મીનગર, ઘોડાકેમ્પ, શાહીબાગ, અમદાવાદ નાને વિદેશી દારુની બોટલો નંગ-૭૨ કિ.રૂ.૨૫,૨૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૭૫,૨૦૦/- ના મુદામાલ સાથે ઝડપી લઈ તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી શાહીબાગ પો.સ્ટે.ખાતે સોંપવામા આવેલ છે.

ઉપરોકત પકડાયેલ આરોપીએ પંચો રુબરુ જણાવેલ કે પોતે તેમજ પોતાના ગામના તેજાસિંગ @ તેજો બિરદાસિંઘ રાવત બન્ને જણાઓ ભેગા મળી આજે વહેલી સવારે માધવપુરા શાહીબાગ ફલાયઓવર થી નમસ્તે સર્કલ તરફ જતા રોડ પર જમણી બાજુના ભાગે આવેલ માહેશ્વરી સેવા સમીતીના બોર્ડ પાસે તેજાસિંગ રાવતની બંધ બોડીની લોડીગરિક્ષા માથી વિદેશીદારુનો જથ્થો ઉપરોકત પકડાયેલ ઓટો રિક્ષામાં ભરી લાવેલ હોવાની હકીકત જણાવતા પી.સી.બી. સ્ટાફના માણસોએ પંચો સાથે ઉપરોકત જગ્યાએ પણ રેઈડ કરતા ત્યાં પડેલ સફેદ કલરની બંધ બોડીની લોડીંગ રિક્ષા નંબર GJ-01-TA-5392 ની અંદર થી વિદેશી દારુની જુદા જુદા બ્રાન્ડની બોટલો નંગ-૧૩૨૦ તથા ટીનના બીયર નંગ ૨૪ મળી કુલ્લે નંગ ૧૩૬૪ ની કુ.કિ.૨,૨૭,૨૪૭/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૩,૦૨,૨૪૭/- નો મુદામાલ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી માધવપુરા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૧૦૨૩૦૪૮૦/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૯૮(૨), મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**નહી પકડાયેલ આરોપી :** તેજાસિંગ @ તેજો બિરદાસિંઘ રાવત (રાજપુત) રહે.મ.ન.૪૦૧, બ્લોક નંબર એફ/ ન્યુ લક્ષ્મીનગર હાઉસિંગ સોસાયટી, ઘોડાકેમ્પ, શાહીબાગ, અમદાવાદ શહેર મુળ રહે.ગામ-સાંગરવાસ, થાના જેવાજા, તા.જી.બ્યાવર રાજસ્થાન તથા લોડીગ રિક્ષા માલીક તથા પોલીસ તપાસમા નિકળે તે તમામ

**ગુનાની જગ્યા :** માધવપુરા શાહીબાગ ફલાયઓવર થી નમસ્તે સર્કલ તરફ જતા રોડ પર જમણી બાજુના ભાગે આવેલ માહેશ્વરી સેવા સમીતીના બોર્ડ પાસે ખુલ્લી જગ્યામાં

**પકડાયેલ મુદામાલ :** (૧) અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારુની બોટલો નંગ-૧૩૪૦ તથા ટીન બીયર નંગ ૨૪ મળી કુલ્લે નંગ ૧૩૬૪ કિ.રૂ.૨,૨૭,૨૪૭/- (૨) લોડીગ રિક્ષા નંબર GJ-01-TA-5392 કિ.રૂ.૭૫,૦૦૦/- મળી કુલ્લે રુપિયા ૩,૦૨,૨૪૭/ ની મત્તાનો મુદામાલ

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૪૧૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૧૮૧ લીટર દેશી દારૂ, ૨૬૬૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૨ કેસ કરી, ૬૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૧૩,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૪૧૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડ:- સમાચાર યાદી નં.૧૪૧૪/૨૦૨૩

**આનંદનગરઃ** રાજ નયનભાઈ શાહ (રહે. સુવીધી ફલેટ જીવરાજ વેજલપુર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૮/૨૦૨૩ રાતના ૧૦/૩૦ થી તા.૨૭/૦૮/૨૦૨૩ કલાક ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર ૧૦૦ ફુટ રોડ રીવેરા આર્કેડ અરીહંત પ્રીન્ટ હબ તથા થીંક પ્રીન્ટ સોલ્યુશન દુકાન નંબર-૨૫ અને ૨૭ ના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી કેમેરા ડીવીઆર કિમત રૂપિયા ૮૦૦૦/- મોબાઈલ ફોન કિમત રૂપિયા ૩૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૯,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જે.દેસાઈ ચલાવે છે.

**અમરાઈવાડીઃ** પાર્થ જીવનભાઇ ભાટીયા (રહે. માનસરોવર ડુપ્લેક્ષ માતૃધામ આંખ હોસ્પિટલ સામે ઇડલી ચાર રસ્તા પાસે મણીનગર) એ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૮/૨૦૨૩ રાતના ૯/૩૦ થી તા.૨૭/૦૮/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ખોખરા સર્કલ પાસે ઇનામદાર માર્કેટ પગરખા શોપ નામની દુકાનની સીડીના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી રોકડ રૂપિયા ૧,૦૭,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એસ.મીયાત્રા ચલાવે છે.

**મણીનગરઃ** મનીષભાઇ ત્રીલોકચંદ ગંગવાણી (ઉ.વ.૩૯) (રહે. માણેકમોતી એપાર્ટમેન્ટ શેલત ભુવન પાસે કાંકરીયા મણીનગર) એ તા.૨૭/૦૮/૨૦૨૩ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૮/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૨૫/૦૮/૨૦૨૩ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મણીનગર કૃષ્ણબાગ ચાર રસ્તા પાસે દુકાનનું તાળું તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી લેપટોપ કિમત રૂપિયા ૧૫,૦૦૦/- તેમજ રીપેરીંગમાં આવેલા જુના ફોન નંગ-૫ કિમત રૂપિયા ૮,૦૦૦/- અને રિપેરીંગમા આવેલ ત્રણ આઇફોન (૧) આઇફોન xs કિમત રૂપિયા ૧૨,૦૦૦/- (૨) આઇફોન ૧૪ પ્રો કિમત રૂપિયા ૭૫,૦૦૦/- (૩) આઇફોન ૧૨ પ્રો કિમત રૂપિયા ૩૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૧,૫૦,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૫/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** ડો.વિનોદકુમાર નાગરભાઈ મકવાણા (રહે. સુકનગ્રીન બંગલોઝ બીહારીબાગ પાસે પારપડા રોડ પાલનપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૩ બપોરના ૪/૪૫ થી સાંજના ૭/૧૫ વાગ્યા દરમ્યાન થલતેજ પેલેડિયમ મોલ પાસે અમુલ પાર્લર નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમા ચાર્જર તથા એરપોર્ટ્સ બ્લૂટ્રથ કિમત રૂપિયા ૧૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૬,૫૦૦/- હતા. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જાહીદખાન ઈસ્માઈલખાન ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** સંજયભાઇ અમૃતલાલ ઠક્કર (ઉ.વ.૫૩) (રહે. હરીજીપાર્ક સોસાયટી ગણેશપાર્ક સામે ગોપી બંગ્લોઝ પાસે મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી શટલ રીક્ષામાં બેસી રબારી કોલોની આવેલ અને ત્યાંથી બી.આર.ટી.એસ. બસમાં બેસી લોકમાન્ય તિલક ચાર રસ્તા સુધીની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ ખીસામાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- ચોરી કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જી.વાઘેલા ચલાવે છે.

**ત્યજી દિધેલ મૃત ભૃણ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૬/૨૦૨૩**

**સરખેજઃ** તા.૨૭/૦૮/૨૦૨૩ કલાક ૨/૪૫ વાગ્યાના સુમારે સરખેજ ધોળકા સર્કલ શેર અલી બાવાની દરગાહ પાસે એ.એમ.ટી.એસ.બસ સ્ટોપ નજીક અંજનેય મોબાઇલ શોપની સામે ફુટપાથ ઉપરથી સરખેજ પોલીસને મૃત હાલતમાં ભૃણ મળી આવતા સરખેજ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૭/૨૦૨૩**

**સરખેજઃ** દિવ્યાબહેન ડો/ઓ મહેશભાઇ પ્રજાપતી (ઉ.વ.૨૨) (રહે. હિરાનગર સોસાયટી ખોડીયારનગર સામે ઉજાલા હોટલ પાછળ સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સ્ટર્લીંગ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૮/૨૦૨૩ કલાક ૧/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**ગોમતીપુરઃ** સલમાન સ/ઓ ગફારભાઇ શેખ (ઉ.વ.૨૦) (રહે. રહે. માશાઅલ્લા રેસીડેન્સી મુનીરશેઠના ટેકારો ઝુલાતા મીનારા રોડ ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૮/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવીદાસ વીરભાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી